૮

અનુસુચિત જાતિની કન્યાઓ માટે સરકારી કન્યા છાત્રાલય વલ્લભ વિદ્યાનગર, સંકુલ-૨, જિ.આણંદનાં મકાનનાં બાંધકામ માટે અંદાજોની સુધારેલ વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃ સકછ/૧૦૧૫/૮૫૩૭૫૧-ગ (પાર્ટ-૧)
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ-૧૧/૯/૨૦૧૭

<u>વંચાણે લીધાઃ-</u>

(૧) સા.ન્યા.અને અ.વિભાગના તા.૪-૫-૨૦૧૬ ના પત્ર ક્રમાંકઃ સકછ/૧૦૧૫/૮૫૩૭૫૧-ગ

(૨) માર્ગ અને મકાન વિભાગનાતા.૧૭-૫-૨૦૧૭ના પત્ર ક્રમાંક-બીડીજી/૪૭/૨૦૧૭/ ૯૬૪૮/ ૨૧૨/ન

<u>ઠરાવ :-</u>

અનુસુચિત જાતિના લોકોમાં શિક્ષણનું સ્તર ઉંચુ લાવવા માટે અનુસૂચિત જાતિ કલ્યાણની યોજનાઓ પૈકી અનુસૂચિત જાતિની વિદ્યાર્થીનીઓ માટે રહેવાની અને જમવાની સુવિધા આપવા માટે સરકારી કન્યા છાત્રાલયોની યોજના ચલાવવામાં આવે છે. આ યોજનામાં અનુસૂચિત જાતિના છાત્રાઓ માટે સારા મકાન અને પુરતા વીજળી પાણીની સગવડ મળી રહે તે માટેની યોજના અમલમાં છે. આ યોજના હેઠળ (૧) સરકારી કન્યા છાત્રાલય વલ્લભવિદ્યાનગર સંકુલ-૧, જિ. આણંદ (૨) સરકારી કન્યા છાત્રાલય વલ્લભ વિદ્યાનગર સંકુલ-૨ જિ. આણંદ (૩) સરકારી કન્યા છાત્રાલય, મહુવા જિ. ભાવનગરના મકાન બાંધકામ માટે વર્ષ ૨૦૧૬-૧૭ ના અંદાજપત્રમાં રૂા. ૬૦૦.૦૦ લાખની નવી સેવાને વંચાણે લીધા ક્રમ-૧ પરના તા.૦૪-૫-૨૦૧૬ના ઠરાવથી વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. ત્યારબાદ વંચાણે લીધા ક્રમ-૨ પરના માર્ગ અને મકાન વિભાગના તા. ૧૭-૫-૨૦૧૭ના પત્રથી અનુસુચિત જાતિની કન્યાઓ માટે સરકારી કન્યા છાત્રાલય વલ્લભ વિદ્યાનગર, સંકુલ-૨, જિ.આણંદનાં મકાનનાં બાંધકામ માટે રૂ.૬૩૪.૩૩ લાખ(અંકે રૂપિયા છ કરોડ ચોત્રીસ લાખ ત્રેત્રીસ હજાર પુરા) અંદાજોની સુધારેલ વહીવટી મંજુરી આપવા દરખાસ્ત કરેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

સદરહુ પ્રકરણમાં હાલ રજુ કરેલ રૂ. ૬૩૪.૩૩ લાખનાં સુધારેલ અંદાજોની રકમ એ અગાઉ નાણા વિભાગ દ્વારા આ કામની આપવામાં આવેલ રૂ. ૬૫૫/- લાખનાં અંદાજોની

વહીવટી મંજુરીની મર્યાદામાં હોઇ, તેમજ ચાલુ વર્ષ ૨૦૧૭-૧૮નાં અંદાજપત્રમાં આ ચાલુ કામ માટેની કોઇ જોગવાઇ થયેલ હોવાનું જણાતું ન હોઇ, આ કામ માટે જરૂરિયાત મુજબની રકમની જોગવાઇ વર્ષ ૨૦૧૭-૧૮નાં સુધારેલ અંદાજપત્રમાં કરાવી લેવાની રહેશે. તે શરતે માર્ગ અને મકાન વિભાગએ સૂચવ્યા મુજબનાં અધિક ઇજનેરશ્રી માર્ગ અને મકાન વિભાગ, અમદાવાદ દ્વારા તૈયાર કરેલ વર્ષ ૨૦૧૫-૧૬નાં S.O.R મુજબનાં સુધારેલ અંદાજોની રકમ રૂ.૬૩૪.૩૩ લાખ (અંકે રૂપિયા છ કરોડ ચોત્રીસ લાખ ત્રેત્રીસ હજાર પુરા) ની સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૪-૫-૨૦૧૬ ના પત્ર ક્રમાંકઃ સકછ/ ૧૦૧૫/૮૫૩૭૫૧-ગ ના ઠરાવમાં દર્શાવેલ શરતોને આધીન આથી સુધારેલ વહીવટી મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર નાણાં વિભાગની તા. ૩૦-૦૭-૨૦૧૭ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

(ધનશ્યામસિંહ મકવાણા)
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,
અગ્ર સચિવશ્રી,
માર્ગ અને મકાન વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
નકલ રવાના;-
માન. મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન. મંત્રીશ્રી (સા.ન્યા ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
કાર્યપાલક ઇજનેરશ્રી, માર્ગ અને મકાન આણંદ/ભાવનગર
નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
એકાઉન્ટન્ટ જનરલ અમદાવાદ/રાજકોટ
નિવાસી ઓડિટ અધિકારીશ્રી,ગાંધીનગર.
નાણાં સલાહકારશ્રી (સા.ન્યા), સચિવાલય,ગાંધીનગર.
નાયબ નિયામકશ્રી, અનુસુચિત જાતિ કલ્યાણની કચેરી, આણંદ
જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રી (પંચાયત) આણંદ
જીલ્લા તિજોરી અધિકારીશ્રી, આણંદ.
બજેટ શાખા તથા કોમ્પ્યુટર સેલ- શાખા, વિભાગની વેબસાઇટ પર મુકવા વિનંતી સહ
પસંદગી ફાઇલ.